## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




શું પ્રોબ્લેમ છે... રોડ પર હેલ્મેટ ન પહેરો તો પોલીસને વાંધો... અને બેંકવાળાને પહેરીને જાવ તો...!!

# છત્રાલ, વાવોલ અને કડી ત્રણેય સ્થળે એક જ પિસ્ટલથી ફાયરીંગ થયા હોવાનું એફએસએલનું તારણ

ગાંધીનગર, તા. ૧૫

એક માસ અગાઉ છત્રાલમાં ૪૩.૮૮ લાખની લુંટને અંજામ આપી લુંટારૂઓ આબાદ ભાગી છુટ્યા હતા. ત્યારબાદ ગત તા.૧૨ માર્ચના રોજ વાવોલની એસબીઆઈ બેંકમાં લુંટનો નિષ્ફળ પ્રયાસ અને કડી પાસે એલસીબીની ટીમ પર થયેલ ફાયરીંગ પ્રકરણમાં ત્રણેય બનાવમાં એક જ ગેંગ હોવાનું એફએસએલના રીપોર્ટ પરથી સામે આવ્યું છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ત્રણ સ્થાને થયેલા ફાયરીંગમાં એક જ પિસ્ટલનો ઉપયોગ થયો હતો લુંટારૂઓ પાસે ૭.૬૫ એમએમની પિસ્ટલ હોવાનું સામે આવ્યું છે. પોલીસને આરોપીઓ રીઢા ગુનેગાર હોવાનું લાગી રહ્યું છે. આરોપીઓ દિન દહાડે ત્રણેય સ્થાનો પર બેધડક રીતે ફાયરીંગ કર્યું છે તેમજ રીઢા ગુનેગાર હોવાથી પોલીસથી બચવા માટેના પેંતરા પણ જાણતા હોય તેમ લાગી રહ્યું છે તો બીજીતરફ પોલીસને આ લુંટારૂઓ સાથે અન્ય નાગરીકોની પણ સંડોવણી હોય તેવી પોલીસ શંકા સેવી રહી છે. છેલ્લા ત્રણ ત્રણ દિવસથી આરોપીઓને પકડી પાડવા માટે બે જિલ્લાની વિવિધ ટીમો રાત દિવસ કામ કરી રહી છે. જો કે હજુ આરોપીઓ હજુ પોલીસ પકડથી દુર છે. જયારે પોલીસને આરોપીનો ચહેરો જોવા મળેલો ફોટો પણ જાહેર કર્યો છે. છત્રાલ અને વાવોલ બેંક ઘટનામાં પોલીસને કોઈ મોબાઈલ ટાવર લોકેશન ના મળતા પોલીસને લાગી રહ્યું છે કે લુંટારૂઓ ઘટનાને અંજામ આપતી વખતે મોબાઈલનો ઉપયોગ કરતા નથી જેથી પોલીસ તેમના સુધી પહોંચી ના શકે. ત્યારે પોલીસ આરોપીઓને દબોચી લેવા માટે રાતદિવસ એક કરી રહી છે.



શહેરમાં હોળીનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે હોળી પૂજામાં વપરાતા ખજૂર-ધાણી સસ્તાદરે વેચાતા જોવા મળ્યા છે.



પોલીસની વરદીના ખભે તારલા ચમકે તેમ ઈન્ટરનેશનલ ક્ષેત્રે સ્વિમિંગમાં મેડલ મેડલ મેળવી ગુજરાત પોલીસનું નામ રોશન કરેલ છે. જે અંગે મુખ્યમંત્રીને જાણતા મુખ્યમંત્રીએ તેમણે રૂબરૂ મુલાકાત આપી અભિનંદન આપ્યા હતા.

# અમીયાપુરના ગ્રામજનો મતદાનથી અળગા રહેશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલ અમિયાપુર ગામ તેને કરવામાં આવી રહેલા અન્યાયને વાચા આપવા માટે ચૂંટણી દરમ્યાન મતદાનથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે.

ગામના સરપંચ માણેકભાઈએ જણાવ્યુ છે કે અમીયાપુરના વિકાસકામો માટે સાંસદ કે ધારાસભ્ય દ્વારા કોઈ જ ગ્રાન્ટ આજ સુધી ફાળવવામાં આવી નથી. તાલુકા પંચાયત દ્વારા પણ વિકાસના કામો માટેની ગ્રાન્ટ ફાળવવામાં વારંવાર રજુઆતો કરીને થાકી ગયા છીએ પણ કોઈ જ વાત કે રજુઆતને ધ્યાને લેવામાં આવતી જ નથી.

ગ્રામીણ અર્થતંત્રને મજબુત બનાવવાની, સૌના વિકાસની વાત કે પછી ગ્રામીણ વિકાસની ગ્રાન્ટમાં થતા આ અન્યાયને દૂર કરવા માટે હવે ગ્રામજનોએ મતદાનથી લોકસભામાં અળગા રહેવાનો નિર્ણય કર્યો છે. ૧૪૦૦થી વધુ મતદારો ગામમાં નોંધાયેલા છે સૌને મત જોઈએ છીએ પણ ગ્રામજનોના પ્રશ્ન ઉકેલવામાં કોઈને રસ નથી એટલે ગ્રામજનોએ હવે રોષની અભિવ્યક્તી મતદાનથી અળગા રહીને કરવાનો નિર્ણય કર્યો છે.

# ઉષા પર્વના દ્વિતિય દિવસે શાસ્ત્રીય ઉપશાસ્ત્રીય સંગીત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરની સંસ્થા ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે બે દિવસીય કાર્યક્રમ 'ઉષા પર્વ'નું આયોજન કરાયુ હતું. ઉષા પર્વના પ્રથમ દિવસે વિવિધ ક્ષેત્રની મહિલા પ્રતિભાઓને સન્માનવામાં આવી હતી જ્યારે બીજા દિવસે સે. ૧૨માં સી.એમ. પટેલ નર્સીંગ કોલેજના ઓડિટોરિયમમાં શાસ્ત્રીય-ઉપશાસ્ત્રીય સંગીતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંગીતમય કાર્યક્રમમાં રાધિકા પરીખ, પંડિત સિદ્ધાર્થ બેનરજી જેવા કલાકારોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરતાં પરફોર્મન્સ આપ્યા હતા.





કાર્યક્રમમાં રાધિકા પરીખે રાગજોગ રાગ ભૈરવી જેવા રાગો પ્રસ્તુત કર્યા હતા. જેમાં માતંગ પરીખે હાર્મોનિયમની સંગત કરી હતી. પંડિત સિદ્ધાર્થ બેનરજીએ "સિદ્ધ વીણા'' વાદન થકી રાગ કીરવાની ઉપરાંત તેમના ફ્યુઝન બેન્ડ 'રિવાયત'' આધારિત વિવિધ ઉપશાસ્ત્રીય રાગોમાં ફિલ્મીગીતો પ્રસ્તુત કર્યા હતા. તેમને પ્રવીણ શિંદેએ તબલા પર સંગત પુરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન આશાબેન સરવૈયાએ કર્યુ હતુ જ્યારે આભારદર્શન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશીએ વ્યક્ત કર્યુ હતુ.

# સરકારને ૧૯ સુધી જવાબ રજૂ કરવા માટેની મહેતલ

ગાંધીનગર,તા. ૧૫

વિસનગરના ધારાસભ્યની ઓફિસમાં તોડફોડના કેસમાં પોતાને દોષિત ઠરાવતાં વિસનગર સેશન્સ કોર્ટના હુકમને પડકારતી કોંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરેલી રિટ અરજીમાં આજે રાજય સરકાર દ્વારા જવાબ રજૂ કરવા માટે સમયની માંગણી કરવામાં આવી હતી. જો કે, જસ્ટિસ એ.જી.ઉરેઝીએ તા.૧૯મી માર્ચ સુધીમાં સરકારને જવાબ રજૂ કરી દેવા મહેતલ આપી હતી. કોંગ્રેસના નેતા હાર્દિક પટેલે વિસનગરના કેસમાં દોષી ઠેરવવાના ચુકાદા પર સ્ટે મુકવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જસ્ટિસ આર.પી. ધોલરિયાએ આ અરજી અગાઉ નોટ બિફોર મી કરી હતી. ત્યારબાદ આજે હાઈકોર્ટમાં આ મેટરની સુનાવણી હાઈકોર્ટના જસ્ટિસ એ.જી.ઉરેઝીની કોર્ટમાં નીકળી હતી. જેની સુનાવણી દરમ્યાન સરકારપક્ષ તરફથી જવાબી સોંગદનામું રજૂ કરવા માટે સમયની માંગણી કરવામાં આવી હતી. જેથી હાઈકોર્ટે તા.૧૯મી માર્ચના રોજ કેસની સુનાવણી રાખી ત્યાં સુધીમાં જવાબ રજૂ કરવા સરકારપક્ષને તાકીદ કરી હતી. હાઈકોર્ટે હાર્દિકને થયેલી બે વર્ષની સજા પર તો સ્ટે આપ્યો છે, પરંતુ તેને દોષિત ઠેરવતા આદેશ પર કોઈ સ્ટે આપ્યો નથી. જેના કારણે તેને લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી કરવામાં મુશ્કેલી ઉભી થઈ શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલન દરમિયાન મહેસાણાના વિસનગરના ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસમાં કરવામાં આવેલી તોડફોડ મામલે વિસનગર કોર્ટે હાર્દિક પટેલ, લાલજી પટેલ અને એ.કે.પટેલને આ કેસમાં દોષિત જાહેર કર્યા હતા. આ કેસમાં કોર્ટે ત્રણેય આરોપીઓને બે-બે વર્ષની સજા તેમજ રૂ. ૫૦-૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. સજા બાદ કોર્ટે ત્રણેય આરોપીઓને શરતી જામીન પર મુક્ત કર્યા હતા. આ કેસમાં કોર્ટમાં હાજર ન રહેલા હાર્દિક પટેલ અને લાલજી પટેલ સામે અગાઉ કોર્ટે ધરપકડ વોરંટ પણ ઈશ્યૂ કર્યું હતું.

# સે-૮ માં રહેતા યુવાને ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૮ બી ખાતે પ્લોટ નં.૩૨૧-૧ બી ખાતે રહેતા મનીષપુરી કેશવપુરી ગોસ્વામીએ અગમ્ય કારણોસર ગત તા. ૧૧ના રોજ રાત્રીના સમયે અચાનક ઝેરી દવા ગટગટાવતા મનીષની તબિયત લથડી હતી. તેને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. ગાંધીનગર સિવિલમાં આઈસીયુમાં સારવાર લઈ રહેલા મનિષનું ગત તા. ૧૪ ના રોજ બપોરના સુમારે મૃત્યું નિપજયું છે. બનાવ અંગે સે-૭ પોલીસે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોબા પાસે એક હોટલમાં મારામારીના દ્રશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા પાસે એક બનાવમાં બે પરિવારો વચ્ચે છુટા હાથની મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. ગાંધીનગર જિલ્લાના એક ગામમાં રહેતી ૪૦ વર્ષિય વિધવા મહિલા ગામમાં જ રહેતા પોતાના પ્રેમી સાથે બુધવારે સવારે કોબાની હોટલમાં ગઈ હતી. જેની જાણ વિધવાના ભાઈને થતા તેનો પરિવાર ત્યાં પહોંચી ગયો હતો તો બીજીબાજુ પ્રેમીએ પણ પોતાના ભાઈઓને ફોન કરી બોલાવતા તેઓ પણ આવી પહોંચ્યા હતા. ત્યારબાદ બંન્ને પરિવારો વચ્ચે મારામારી થતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# પાસ નેતા રેશમા પટેલનું ભાજપમાંથી રાજીનામું

પોતાના બેબાક બોલ અને વાકપ્રહારોથી ચર્ચામાં રહેતી તેમ જ ભાજપ સામે ખુલ્લેઆમ પ્રહારો કરવા માટે જાણીતી બનેલી પાટીદાર મહિલા નેતા અને ભાજપમાં થોડા મહિનાઓ પહેલાં જોડાયેલી રેશમા પટેલે ભાજપથી કંટાળીને આખરે આજે પોતાનું રાજીનામુ આપી દીધુ હતું અને ભાજપ સાથેનો છેડો ફાડવાની સત્તાવાર જાહેરાત કરી હતી. રેશમા પટેલે સાથે સાથે પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલને સમર્થન જાહેર કર્યું હતું અને ભાજપને પાડી દેવા એકસંપ થઈને લડવા પાટીદાર સમાજ સહિત સૌકોઈને હાકલ કરી હતી. એટલું જ નહી, રેશમા પટેલે ભાજપ અને તેના નેતાઓ પર જોરદાર આકરા પ્રહારો કરવા સાથે ગંભીર આરોપ પણ લગાવ્યા હતા. જેને લઈ ગુજરાતના રાજકારણમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. રેશમાએ જણાવ્યું કે, ભાજપના તાનાશાહી નેતાઓના પાપમાં ભાગીદારીથી હું ગૂંગળામણ અનુભવુ છું અને તેથી આવા તાનાશાહી નેતાઓની પાપની ભાગીદારીમાં આજે મુકત થાઉં છું. રાજ્યના તમામ નાના-મોટા પક્ષ લોકસભાની ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયા છે ત્યારે રાજયમાં પણ ચૂંટણીની તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે અને ભાજપ અને કોંગ્રેસમાં ચાલી રહેલી આયારામ-ગયારામ પરિસ્થિતિ વચ્ચે પૂર્વ પાસ કન્વીનર અને ભાજપનાં નેતા રેશમા પટેલે ભાજપમાંથી રાજીનામું આપી દેતાં ફરી એકવાર રાજકારણ ગરમાયું છે.

## શહેરના સે-૩ ડી ખાતેથી બાઈકની ચોરી

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ચોરીવાડ ગામના પુજન અળખાભાઈ ચૌધરી ઉં.વ.૨૨ ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી ખાતે પોતાના મિત્રો સાથે ભાડે વસવાટ કરે છે અને એમએસસીમાં અભ્યાસ કરે છે. ગત્ તા.૮ માર્ચના રોજ રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં પુજને પોતાનું અપાચે કંપનીનું બાઈક નં. જી.જે.૦૯.સીયું-૧૩૭૬ ઘર પાસે પાર્ક કર્યું હતું. બીજા દિવસે સવારે ગામડે જવાનું હોવાથી પુજન સવારે ૬ વાગે ઉઠીને જોયું તો પોતાનું બાઈક ગાયબ હતું. પોતાના મિત્ર વર્તુળમાં બાઈક અંગે તપાસ અને શોધખોળ કરી હતી પરંતુ ના મળતા આખરે તેણે ગુરુવારના રોજ સેકટર-૭ પોલીસ મથકમાં બાઈક ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળના આગેવાન શશીકાંતભાઈ મોઢા તથા કરસનભાઈ પરમાર દ્વારા સે-૩૦ અંતિમધામ, સરગાસણ અંતિમ ધામ તથા દહેગામના ૧૩ સ્વજનોના અસ્થિનું ગંગા તટે હરકી પેઢી ખાતે વિસર્જન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદના રિલીફ રોડ પર મોબાઈલ માર્કેટમાં પ્રચંડ આગ

અમદાવાદ શહેરના હંમેશા લોકોથી ભરચક રહેતા રિલીફ રોડ ઉપર મોબાઈલ માર્કેટમાં ભીષણ આગળ ફાટી નિકળતા સનસનાટી મચી ગઈ હતી. મૂર્તિમંત કોમ્પ્લેક્ષના મોબાઈલ માર્કેટમાં આગ લાગવાની ઘટના પણ મોબાઈલની દુકાનોમાં ભારે નુકસાન થયું છે. આગના સમાચાર મળતાની સાથે જ ફાયર બ્રિગેડની ટુકડીઓ તરત જ ઘટના સ્થળે પહોંચી હતી. થોડાક સમય સુધી રસ્તાને બંધ કરવામાં આવ્યો હતો. ભારે જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.



ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત ડોગ કંટ્રોલ વાન દ્વારા સે-૫, ૧૩ અને ૧૪ના કૂતરાઓને હડકવાની રસી આપવાની ઝુંબેશ કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# રાજકીય પક્ષો સરકારી દિવાલો કે દિશાસૂચક બોર્ડ પર પોસ્ટરો લગાવવા પર પ્રતિબંધ

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૯ની શાંતિમય માહોલમાં યોજાય અને નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ.કે.લાંગાએ જરૂરી પ્રતિબંધ ફરમાવ્યા છે.

જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ.કે.લાંગાએ વિવિધ પ્રતિબંધ ફરમાવતા જાહેરનામા બહાર પાડીને જણાવ્યું છે કે, કોઇ પણ રાજકીય પક્ષ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઇ વ્યક્તિઓ કોઇ પણ સરકારી ( સિવિલ મકાન સહિત ) દિવાલ પર તથા જાહેર સ્થળે લખાણ લખી શકશે નહી. કોઇ પણ રોડ- રસ્તા પર પણ આવા લખાણો કરી શકશે નહી. પોસ્ટર, કાગળો ચોંટાડી કે અન્ય કોઇ પણ રીતે બગાડી શકશે નહી અથવા જાહેરાતના પૂંઠા, પાટિયા, બેનર્સ, ધજા વગેરે રાખી કે નિદર્શન કરી શકશે નહી. આ હેતું માટે સરકારી મકાન- જાહેર સ્થળોમાં કોઇ પણ સરકારી કચેરી અને તેના પ્રાંગણ જેમાં કચેરીનું મકાન આવ્યું છે. તેમજ અગત્યની સૂચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા, હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ, રેલ્વે ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન તથા ઈલેકટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓની મિલકતો, સરકારશ્રીના જાહેર ઉપક્રમોની મિલકતો, રાજય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો અને એસ.ટી બસ સ્ટોપ કે વાહનોનો સમાવેશ થાય છે. આ જાહેરનામું તા. ૨૭મી મે, ૨૦૧૯ સુધી અમલમાં રહેશે.




લોકસભા સામાન્ય ચૂંટણીને લક્ષમાં રાખી જાહેર શાંતિ અને સલામતી જાળવવાના ભાગ રૂપે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ.કે.લાંગાએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી, નકલો કરવાથી, ચિત્રો, નિશાનીથી જાહેરખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય, તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય તેવા કૃત્યો ઉપર પણ પ્રતિબંધ ફરમાવ્યો છે.

લોકસભાના સામાન્ય ચૂંટણી સમયે ખાનગી મિલકતોને ચૂંટણી પ્રચારના સાહિત્યથી વિકૃત થતાં અટકાવવા સંબંધે પણ જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જાહેરનામું બહાર પાડીને જણાવ્યું છે કે, લોકસભા સામાન્ય ચૂંટણી દરમ્યાન અલ્પકાલીન અને સરળતાથી ફેરવી શકાય તેવી જાહેરાતની સાધનસામ્રગી જેવી કે, ધ્વજ, બેનર્સ વગેરે ખાનગી મકાનો કે મિલકતો પર મુકવા માટે જે તે મકાન/મિલકતની અગાઉથી સ્વેચ્છાએ આપેલ પરવાનગી મેળવવી જરૂરી છે.

આ પરવાનગી કોઇ પણ દબાણ અથવા ધમકીથી અથવા બળજબરીથી લીધેલી ન હોવી જોઈએ. તેમજ આવા બેનર્સ અથવા ધ્વજ બીજાઓ માટે ઉપદ્રવ ન બનવા જોઈએ, રાહદારીઓ- વાહન ચાલકો વગેરે અકસ્માતનો ભોગ ન બને તેવી જગ્યાએ જ પ્રદર્શિત કરી શકાશે. તે ઉપરાંત આ સંબધે લેખિતમાં મેળવેલી સ્વૈચ્છિક પરવાનગીની ફોટો કોપી નિયત નમૂનામાં ત્રણ દિવસની અંદર સંબંધકર્તા ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને રજૂ કરવાનું રહેશે. પત્રકમાં આ હેતું માટે કરેલા અથવા કરવાના થતાં ખર્ચે સાથે જેની પાસેથી પરવાનગી મેળવી હોય તે મિલકતના માલિકનું નામ અને સરનામું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. અવા લખાણ/નિદર્શનમાં કંઈપણ ઉશ્કેરણીજનક અથવા કોમો વચ્ચે ઉશ્કેરણી થાય તેવું કંઈ પણ હોય તો માન્ય રાખવામાં આવશે નહી અને આવા વાંધાજનક લખાણ/નિદર્શન સંબંધકર્તા ઉમેદવારના ખર્ચે દૂર કરવાની કાર્યવાહીને પાત્ર થશે.તેવું પણ જાહેરનામાં જણાવ્યું છે.

**ખાનગી મકાનો કે મિલકત પર ધ્વજ, બેનર્સ કે લખાણ મુકવા માટે જે તે મિલકતના માલિકની પરવાનગી જરૂરી**